# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

*****************************************************

1. માલદિવ પહોંચેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું રાષ્ટ્રપતિ ડૉ. મોહમ્મદ મુઇઝુએ વિશેષ સ્વાગત કર્યું .. બંને દેશો વચ્ચે આજે બેઠકો
2. વિપક્ષોના ભારે હોબાળાના પગલે સંસદના બંને ગૃહોની કાર્યવાહી સ્થગિત
3. શહીદોની શહાદતને શ્રદ્ધાંજલી અર્પીને કારગિલ દિવસની ઉજવણી
4. રાજસ્થાનના પિપલોડી ગામમાં શાળાની ઇમારત ધરાશાયી થતાં પાંચ વિદ્યાર્થીઓના મોત અને 20 થી વધુ ઘાયલ.. રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ દુઃખ વ્યક્ત કર્યું
5. જર્મની ખાતે વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં, ભારતની વૈષ્ણવી અદકરે મહિલા ટેનિસ સિંગલ્સમાં કાંસ્ય ચંદ્રક જીત્યો

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## PM MALDIVES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમની બે દેશોની યાત્રાના બીજા તબક્કામાં માલદીવ્સ પહોંચ્યા છે. માલદીવના રાષ્ટ્રપતિ ડૉ. મોહમ્મદ મુઇઝુએ વેલાના આંતરરાષ્ટ્રીય હવાઇમથક પર પ્રધાનમંત્રીનું વિશેષ સ્વાગત કર્યું હતું. પ્રધાનમંત્રીની માલદીવ્સની આ ત્રીજી મુલાકાત છે અને ડૉ. મોહમ્મદ મુઇઝુની અધ્યક્ષતા દરમિયાન કોઈ રાષ્ટ્રપ્રમુખની માલદીવ્સની આ પ્રથમ મુલાકાત છે. આજે પ્રધાનમંત્રી રાષ્ટ્રપતિ મુઇઝુ સાથે પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા કરશે.પ્રસ્તુત છે એક અહેવાલ

**(વોઇસ કાસ્ટ –જીવન ભાવસાર)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## LS – RS

વિવિધ મુદ્દાઓ પર વિપક્ષ દ્વારા કરવામાં આવેલા હોબાળા બાદ લોકસભાની કાર્યવાહી બપોરે 2 વાગ્યા સુધી અને રાજ્યસભાની કાર્યવાહી 28 જુલાઇ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. આજે સવારે 11 વાગ્યે કાર્યવાહી શરૂ થતાં જ લોકસભામાં કારગિલ વિજય દિવસની 26મી વર્ષગાંઠની પૂર્વસંધ્યાએ દેશ માટે પોતાના જીવનું બલિદાન આપનારા

સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી અને મૌન પણ પાળવામાં આવ્યું. આ પછી તરત જ લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ પ્રશ્નકાળ ચલાવવાનો પ્રયાસ કર્યો પરંતુ વિપક્ષના સભ્યો ગૃહની મધ્યમાં આવી ગયા અને બિહારમાં વિશેષ ઊંડાણપૂર્વક સમીક્ષા સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચાની માંગણી કરવાનું શરૂ કર્યું. હોબાળા પછી, અધ્યક્ષે ગૃહની કાર્યવાહી બપોરે **2** વાગ્યા સુધી સ્થગિત કરી દીધી.

**(Byte- OM BIRLA)**

રાજ્યસભામાં તમિલનાડુના નવા ચૂંટાયેલા સભ્યોએ શપથ લીધા ઉપાધ્યક્ષ હરિવંશે કહ્યું કે તેમને બિહારમાં વિશેષ સઘન સમીક્ષા સહિત વિવિધ મુદ્દાઓને લગતા રાજકીય પક્ષો તરફથી 28 સ્થગિત પ્રસ્તાવો મળ્યા હતા, પરંતુ આદેશનો હવાલો આપીને તેમને નકારી કાઢવામાં આવ્યા હતા. અને વિપક્ષનો હોબાળો ચાલુ રહ્યો, તેથી ઉપાધ્યક્ષે ગૃહની કાર્યવાહી 28 જુલાઇ સુધી સ્થગિત કરી દીધી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BIHAR ASSEMLY ADJOURNED

બિહારમાં પણ રાજ્ય વિધાન પરિષદમાં વિશેષ સઘન પુનરાવર્તનના મુદ્દે વિપક્ષોએ હોબાળો મચાવ્યો હતો ...વિપક્ષી દળો રાજદ, કોંગ્રેસ, સીપીઆઈએમએલ – **(CPIML)** નાસભ્યો વેલમાં ધસી ગયા

હતા અને રાજ્ય સરકાર વિરુદ્ધ નારા લગાવ્યા હતા. વિપક્ષોએ હોબાળો બંધન કરતાં સભાપતિ અવધેશ નારાયણ સિંહે ગૃહની કાર્યવાહી બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરી દીધી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# KARGIL DIWAS

લદ્દાખમાં 1999ના કારગિલ યુદ્ધ દરમિયાન ભારતીય સશસ્ત્ર દળોના બલિદાનની યાદગીરી રૂપે દ્રાસ, કારગિલમાં આજથી 26મો કારગિલ વિજય દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આ દિન નિમિત્ત્ દ્રાસમાં દેશભક્તિના વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે. આ દિવસની મુખ્ય વિશેષતાઓમાંની એક ઝોજિલા યુદ્ધ સ્મારક ખાતે રાષ્ટ્રીય ધ્વજ છે, જે રાષ્ટ્રીય ગૌરવ અને ભારતીય સૈનિકોની અદમ્ય ભાવનાનું પ્રતીક છે.

આજના અ દિવસ નિમિત્તે લોકસભાના સ્પિકર ઓમ બિરલાએ કારગિલમાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

## (બાઈટ – ઓમ બિરલા)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

# SC DISMISSES DELIMITATION PLEA

સુપ્રીમ કોર્ટે આજે આંધ્રપ્રદેશ અને તેલંગાણા રાજ્યોમાં વિધાનસભા બેઠકોની સંખ્યા વધારવા માટે સીમાંકન પ્રક્રિયા શરૂ કરવા માટે કેન્દ્રને નિર્દેશ આપવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. ન્યાયાધીશ સૂર્યકાંત અને એન. કોટિશ્વર સિંહની બેન્ચે આ ચુકાદો આપ્યો હતો.

રિટ અરજીમાં આંધ્રપ્રદેશ પુનર્ગઠન કાયદાની કલમ 26 ને કાર્યરત કરવા માટે સંઘને નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી હતી. એવી દલીલ કરવામાં આવી હતી કે આંધ્રપ્રદેશ અને તેલંગાણાને બાકાત રાખીને ફક્ત કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના વિધાનસભા અને સંસદીય મતવિસ્તારોનું સીમાંકન કરવાથી ગેરવાજબી વર્ગીકરણ થયું હતું અને તેથી તે ગેરબંધારણીય હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ECI APPOINTS RO VC ELECTIONS

ચૂંટણી પંચે કાયદા અને ન્યાય મંત્રી સાથે પરામર્શ કરીને રાજ્યસભાના મહાસચિવને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે રિટર્નિંગ અધિકારી તરીકે નિયુક્ત કર્યા છે. પંચે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે સહાયક રિટર્નિંગ અધિકારી તરીકે રાજ્યસભા સચિવાલયના સંયુક્ત સચિવ અને નિયામકની નિમણૂક કરી છે.બંધારણની કલમ ૩૨૪ હેઠળ ભારતના ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી યોજવા માટે ચૂંટણી પંચને ફરજ પાડવામાં આવી છે.

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી નિયમનો, ૧૯૭૪ દ્વારા સંચાલિત થાય છે. રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી અધિનિયમ, ૧૯૫૨ ની કલમ ૩ હેઠળ, ચૂંટણી પંચ કેન્દ્ર સરકાર સાથે પરામર્શ કરીને રિટર્નિંગ અધિકારીની નિમણૂક કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RAJASTHAN STUDENTS DIED

રાજસ્થાનમાં, ઝાલાવાડ જિલ્લાના મનોહર થાણા વિધાનસભા ક્ષેત્રના પિપલોડી ગામમાં એક શાળાની ઇમારત ધરાશાયી થતાં પાંચ વિદ્યાર્થીઓના મોત થયા અને 20થી વધુ ઘાયલ થયા.. ઘટના બાદ,

ગ્રામજનોએ તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી શરૂ કરી અને ઘાયલ બાળકોને હોસ્પિટલમાં દાખલ કર્યા.

ઝાલાવાડના પોલીસ અધિક્ષક અમિતકુમારે આકાશવાણીને જણાવ્યું કે, ગંભીર રીતે ઘાયલ 10 બાળકોને સારવાર માટે ઝાલાવાડ મેડિકલ કોલેજમાં રિફર કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રીએ આ ઘટનાને લઈને શોક વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રી ભજન લાલ શર્માએ આ ઘટના પર દુ:ખ વ્યક્ત કરતાં કહ્યું કે ઘાયલ બાળકોની યોગ્ય સારવાર માટે સૂચનાઓ આપવામાં આવી છે. શિક્ષણ મંત્રી મદન દિલાવરે આ ઘટનાને દુઃખદ ગણાવી. તેમણે કહ્યું કે ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસ કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## JAL SHAKTI RIVERS

જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે ગઇકાલે નવી દિલ્હીમાં ગંગા અને તેની ઉપનદીઓના પર્યાવરણીય પ્રવાહ મુદ્દે એક બેઠક યોજી. શ્રી પાટીલે નદીના ઇકોસિસ્ટમને જાળવવા અને જળ સંસાધનોનો સંતુલિત ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે નદીઓમાં પાણીના પ્રવાહને વધારવા મજબૂત કાર્ય યોજના વિકસાવવા પર ભાર મૂક્યો.

તેમણે  વધુ પડતા પાણીના ઉપયોગ અને પ્રદૂષણના પડકારો વાળા યમુના નદી ક્ષેત્રમાં પાણીના પ્રવાહને સુધારવા માટે નક્કર વ્યૂહરચના અને વ્યાપક યોજનાઓ માટે હાકલ કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MIB ORDER BLOCKING 25 WEBSITES

ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય એ એક જાહેરનામું બહાર પાડીને ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર્સ ને પ્રતિબંધિત સામગ્રી હોસ્ટ કરતી 25 વેબસાઇટ્સની ભારતની અંદર જાહેર ઍક્સેસને બંધ કરવા નિર્દેશ આપ્યો છે.

મંત્રાલયે આ વેબસાઇટ્સને માહિતી ટેકનોલોજી અધિનિયમ, 2000ની કલમ 67 અને કલમ 67એ, ભારતીય ન્યાય સંહિતા, 2023ની કલમ 294 અને મહિલાઓનું અશ્લીલ પ્રતિનિધિત્વ (પ્રતિબંધ) અધિનિયમ, 1986ની કલમ 4 સહિત વિવિધ કાયદાઓનું ઉલ્લંઘન કરતી હોવાનું નોંધ્યુ હતું.

માહિતી અને પ્રસારણ મંત્રાલયનું જાહેરનામું માહિતી ટેકનોલોજી અધિનિયમ, 2000 અને માહિતી ટેકનોલોજી (મધ્યસ્થી માર્ગદર્શિકા અને ડિજિટલ મીડિયા આચાર સંહિતા) નિયમો, 2021 હેઠળ ગેરકાયદેસર માહિતીને દૂર કરવા અથવા નિષ્ક્રિય કરવા પર ભાર મૂકે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## WORLD-UNIVERSITY-GAMES--TENNIS

જર્મની ખાતે વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં, ભારતની વૈષ્ણવી અદકરે મહિલા ટેનિસ સિંગલ્સ ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીતીને ઇતિહાસ રચ્યો છે. આ ઇવેન્ટમાં ચંદ્રક જીતનાર પ્રથમ અને સ્પર્ધામાં કોઈપણ રમતમાં ચંદ્રક જીતનાર બીજા ભારતીય મહિલા બન્યા છે.

21 વર્ષીય વૈષ્ણવીનો સેમિફાઇનલમાં સ્લોવાકિયાની એસ્ટર મેરી સામે પરાજય થયો હતો. આ રમતમાં પહેલીવાર ભારતીય ખેલાડી નંદન બાલએ વર્ષ 1979માં મેક્સિકોમાં ટેનિસમાં પુરુષ સિંગલ્સમાં રજત ચંદ્રક જીત્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## THAI-CAMBODIA CLASHES

થાઈલેન્ડ-કંબોડિયા સરહદ પર વધતા તણાવ વચ્ચે થાઈલેન્ડમાં ભારતીય દૂતાવાસે ભારતીય પ્રવાસીઓને સાવચેત રહેવા વિનંતી કરી છે અને મુસાફરી માટે માર્ગદર્શિકા જારી કરી છે. થાઈલેન્ડના પ્રવાસન સત્તામંડળે સાત પ્રાંતોમાં અનેક પ્રવાસન સ્થળોની મુસાફરી પર પણ પ્રતિબંધ મૂક્યો છે.

થાઇલેન્ડ-કંબોડિયા સરહદ નજીક લશ્કરી અથડામણમાં 14 થાઇ નાગરિકો માર્યા ગયા હતા અને 46 અન્ય ઘાયલ થયા હત.બુધવારે

લેન્ડમાઈન વિસ્ફોટમાં પાંચ થાઈ સૈનિકો માર્યા ગયા બાદ હિંસા ફાટી નીકળી હતી. આ ઘટના બાદ રાજદ્વારી સંબંધોમાં તણાવ આવ્યો હતો અને બંને પક્ષોએ એકબીજાના રાજદૂતોને હાંકી કાઢ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .